# <u>પ્રેસનોટ</u>

"નિર્મળ ગુજરાત અંતર્ગત સફાઈ અભિયાન"

સ્વચ્છતાની પ્રવૃતિને વધુ આગળ વધારવા અને ગુજરાત રાજયને સ્વચ્છતા બાબતે દેશમાં એક મોડલ રાજ્ય બનાવવા તા.૨૫/૧૨/૨૦૨૩ સુશાસન દિવસે માન.મુખ્ય મંત્રીશ્રી દ્વારા "નિર્મળ ગુજરાત ૨.૦" લોન્ચ કરવામાં આવેલ છે.જે અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા "નિર્મળ ગુજરાત ૨.૦" નાં ભાગરૂપે સ્વચ્છતા હી સેવાની પ્રવૃત્તિનીને વધુ વેગ આપવા તા.૧ જુન ૨૦૨૪ થી તા.૧૫ જુન ૨૦૨૪ દરમ્યાન જનજાગૃતિ અભિયાન સ્વરૂપે સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરવામાં આવેલ છે.

સુરત મહાનગરપાલિકા દ્વારા આજ રોજ તા.૦૭/૦૬/૨૦૨૪ ના રોજ આરોગ્ય વિભાગ દ્વારાશહેરી વિસ્તારના તમામ જાહેર અને સામુદાયીક શૌચાલયોતેમજ તેની આજુબાજુના વિસ્તારની સફાઈની કામગીરીહાથ ધરવામાં આવેલ હતી.

આસફાઈ ઝુંબેશ દરમ્યાન આરોગ્ય વિભાગ દ્વારા શહેરના કુલ ૧૩૯ કોમ્યુનીટી/પબ્લિક ટોયલેટની સફાઈ અને મરામત કરી તેની આસપાસના વિસ્તારમાં કુલ૧૦૩૬ સફાઈ કામદાર/બેલદાર, ૭૦ સુપરવાઈઝર,૬૫ વાહનો દ્વારાતમામ ઝોનના નાયબ આરોગ્ય અધિકારીશ્રીની દેખરેખ હેઠળસફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવેલ હતી.

સદર સફાઈ ઝુંબેશમાં સફાઈ કામદાર, NGO/SHG ગ્રુપ તેમજ શહેરીજનો સહીત કુલ ૪૫૭૯ લોકો હાજર રહેલ, સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા દરેક ઝોન વિસ્તાર માંથી કુલ ૫૬.૫૫ મે.ટન કચરો અને ૭૩.૯૨ મે.ટન C&D વેસ્ટ એકત્રીત કરી C&D વેસ્ટ C&D વેસ્ટ કલેક્શન એન્ડ પ્રોસેસિંગ સેન્ટર, કોસાડ ખાતે મોકલી નિકાલ કરવામાં આવેલ છે તેમજ ટેકનીકલ વિભાગ દ્વારા કુલ ૨૦૧ ચો.મી. ફૂટપાથ રીપેરીંગ, ૨૯૬ડ્રેનેજ મશીન હોલ/ચેમ્બરની સફાઈ અને ૨૦૦ ચો.મી. પેચવર્કની કામગીરી હાથ ધરવામાં આવેલ હતી.

ઉપરાંત આઆવતીકાલ તા.૦૮-૦૬-૨૦૨૪ ના રોજ શહેરનાં તમામસ્લમઅને ખુલ્લા પ્લોટ વિસ્તારની સફાઇની કામગીરી હાથ ધરવામાં આવશે.

જનસંપર્ક વિભાગ

સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર

સમાચાર યાદી નં. ૬૯

તા.૦૭/૦૬/૨૦૨૪